L090012113609-31/03/2017
Branch : HQ BRANCH
Office : Head Office
Priority : Routine Letters
Label

નં. જીઆઈડીસી/ઈએનજી/વ.મ./[illegible]
જીઆઈડીસી, ગાંધીનગર
તા. ૩૧/૦૩/૨૦૧૭

# પરિપત્ર

વિષય : ગુજરાત સરકારશ્રીની ઔદ્યોગિક નીતિ – ૨૦૧૫ અંતર્ગત ઈન્ડસ્ટ્રીયલ ઈન્ફ્રાસ્ટ્રકચરને સહાય યોજના હેઠળ મંજુર ઈન્ફ્રાસ્ટ્રકચર અપગ્રેડેશનનું કામ હાથ ધરવા માંગતા હોય તેવી વસાહતોમાં મંજુર થનાર દરખાસ્તો બાબતે લાભાર્થીઓને ફાળે આવતી રકમ નિગમ દ્વારા વસુલવા બાબત.

સંદર્ભ : નિગમની ૪૯૪મી સભાનો ઠરાવ ક્રમાંક : ૧૦/ઈજનેર/૪૯૪/૨૦૧૭ તા. ૦૨/૦૨/૨૦૧૭

નિગમ હસ્તકની ઔદ્યોગિક વસાહતોમાં જે વસાહતોના વસાહત મંડળો ગુજરાત સરકારશ્રીની ઔદ્યોગિક નીતિ– ૨૦૧૫ અંતર્ગત ઈન્ડસ્ટ્રીયલ ઈન્ફ્રાસ્ટ્રકચરને સહાય યોજના હેઠળ મંજુર ઈન્ફ્રાસ્ટ્રકચર અપગ્રેડેશનનું કામ હાથ ધરવા માંગતા હોય તેવી વસાહતોમાં મંજુર થનાર દરખાસ્તો બાબતે લાભાર્થીઓને ફાળે આવતી રકમ આગોતરા ફાળા (UP FRONT)ને બદલે **થયેલ ખર્ચ કે થનાર ખર્ચ** ત્રણ વર્ષ ૨૦૧૭-૧૮, ૨૦૧૮-૧૯ અને ૨૦૧૯-૨૦ના સમયગાળામાં નિગમ દ્વારા વસુલવાનું ૪૯૪મી સભામાં સંદર્ભિત ઠરાવથી નિયત થયેલ છે.

ઉપરોક્ત ઠરાવ મુજબ, જે વસાહતોમાં વસુલાત કરતા ખર્ચ ઓછો થાય તો તેવા કિસ્સાઓમાં વસુલાતમાંથી થયેલ ખર્ચ બાદ કરીને જમા ભંડોળ જે તે વસાહત માટે સરકારશ્રીની કોઈ પણ યોજના હેઠળ તેઓના હિસ્સે આવતા ફાળામાં જમા આપવામાં આવશે.

દરખાસ્તોની મંજુરી મેળવતા પહેલા સરકારશ્રીની સહાય ઉપરાંતની બાકી રહેતી રકમ એસોસીએશન પાસેથી થનાર ખર્ચ ત્રણ વર્ષના સમયગાળામાં ચુકવી આપશે તેવો એસોસીએશનની કારોબારીનો ઠરાવ મેળવવાનો રહેશે.

ઉપરોક્ત નિર્ણય એ.આઈ.આઈ. યોજના અંતર્ગત અગાઉ બીજા તબક્કામાં મંજુર થયેલ ૨૪ દરખાસ્ત તેમજ હવે પછી મંજુર થનાર તમામ દરખાસ્ત માટે લાગુ પડશે. બીજા તબક્કામાં મંજુર થયેલ ૨૪ દરખાસ્તોમાંથી જે વસાહતોમાંથી આગોતરો ફાળો મળેલ છે તે પરત કરવાનો રહેશે નહી.

જે વસાહતોમાં નિર્દિષ્ટ વિસ્તાર અસ્તિત્વમાં છે તે વસાહતોને સદર નિર્ણય લાગુ પડશે નહી. નિર્દિષ્ટ વિસ્તારે તેઓના ફાળે આવતો હિસ્સો આગોતરો જ જમા કરાવવાનો રહેશે. જે નિર્દિષ્ટ વિસ્તાર

પાસે પુરતું ભંડોળ ઉપલબ્ધ ન હોય તે માટે થયેલ ખર્ચ / થનાર ખર્ચની વસુલાતનો આખરી નિર્ણય નિગમના ઉપાધ્યક્ષ અને વહીવટી સંચાલકશ્રી દ્વારા લેવામાં આવશે.

વધુમાં આ અંગેની સમગ્ર કાર્યવાહી કરવાની સઘળી સત્તા નિગમના ઉપાધ્યક્ષ અને વહીવટી સંચાલકશ્રીને સોંપવામાં આવેલ છે.

ઉપાધ્યક્ષ અને વહીવટી સંચાલક
જીઆઈડીસી, ગાંધીનગર

નકલ રવાના :

(૧) તમામ અધિક્ષક ઈજનેરશ્રી તરફ જાણ તેમજ જરૂરી કાર્યવાહી સારૂ.

(૨) તમામ કાર્યપાલક ઈજનેરશ્રી તરફ જાણ તેમજ જરૂરી કાર્યવાહી સારૂ તથા આપના તાબા હેઠળના તમામ અધિકારીશ્રી/કર્મચારીશ્રીને ધ્યાને લાવવા સારૂ.

(૩) એફ.આઈ.એ., ૬૦૭/૬૦૮, હરેક્રિષ્ણા કોમ્પલેક્ષ, કોઠવાલા ફ્લેટની સામે, પ્રિતમનગર, એલિસબ્રીજ, અમદાવાદ ... તમામ એસોસીએશનને જાણ કરવા વિનંતી સહ.

રવાના કર્યુ :

કાર્યપાલક નિયામક,
જીઆઈડીસી, ગાંધીનગર